માર્ચ ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## પ્રેમસ્વરૂપ



# અક્રમ એક્સપ્રેસ

## પ્રેમસ્વરૂપ

## સંપાદકીય

બાળમિત્રો,

પ્રેમ એવી વસ્તુ છે જેનાથી પથ્થર પણ પીગળી જાય તો આપણે તો માણસો છીએ. માણસો પર શું અસર ના થાય. પણ એ કેવો પ્રેમ જોઈએ?

પ્રેમ વ્યાખ્યા સહિત હોવો જોઈએ. ગમે તેને આપણે પ્રેમ કહીએ એ ના ચાલે. આ ખબર ન હોવાને કારણે જ તો આપણે મિત્રને, ભાઈ-બહેનને ભરપૂર પ્રેમ કરતા હોવા છતાં એમની સાથે ઝઘડો થઈ જાય છે અને એકબીજાથી નારાજ થઈને ફરીએ છીએ. આપણે ક્યારેય વિચાર કર્યો છે કે આવું કેમ થતું હશે?

પરમ પૂજ્ય દાદાશ્રીએ સાચો પ્રેમ કોને કહેવાય એની સુંદર વ્યાખ્યા આપી છે. સાથે સાથે પ્રેમસ્વરૂપ કેવી રીતે બનાય એની પણ સુંદર સમજણો આ અંકમાં મૂકી છે.

તો આવો, આપણે પણ પ્રેમસ્વરૂપ બનીએ અને બધા સાથે પ્રેમથી રહીએ.

– *ડિમ્પલ મહેતા*

## અનુક્રમણિકા


દાદાજી કહે છે ૩
આતો નવી જ વાત ! ૪
પ્રેમથી પથ્થર પણ પીગળે ૬
પ્રેમ ત્યાં ભેદ નહીં ૧૦
મીઠી યાદેં ૧૪
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૬
તમારી જાતને ચકાસી જુઓ ૧૮
સમર કેમ્પની વિગતો ૧૯
GNC ડે ફોટો ૨૦



તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૭
સળંગ અંક : ૬૭
*માર્ચ ૨૦૧૪*



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે....

પ્રેમસ્વરૂપ એટલે શું ? કે બધું અભેદભાવે જોવું, અભેદભાવે વર્તન કરવું. અભેદભાવે એટલે શું ? 'આ અમારું ને આ તમારું, આ જુદાં છે' એવી તેવી માન્યતાઓ બધી કાઢી નાખવી એનું નામ જ પ્રેમસ્વરૂપ. એક જ કુટુંબ હોય એવું લાગે. પ્રેમમૂર્તિ બની જવાનું. બધા એક જ લાગે, જુદાઈ લાગે જ નહીં. આ તો આપણું કામ કરી આપે ત્યાં સુધી આપણને એના પર પ્રેમ રહે અને કામ ના કરી આપે તો પ્રેમ તૂટી જાય, એને પ્રેમ કહેવાય જ કેમ ?

***પ્રશ્નકર્તા :*** શુધ્ધ પ્રેમસ્વરૂપ એટલે કેવી રીતે રહેવું ?

***દાદાશ્રી :*** કોઈ માણસ હમણાં તમને ગાળો ભાંડીને ગયો અને પછી તમારી પાસે આવ્યો તોય તમારો પ્રેમ ઘટી જાય નહીં. એનું નામ શુદ્ધ પ્રેમ. એટલે જગત જોડે ક્યારે પ્રેમ થશે, જ્યારે જગત નિર્દોષ દેખાશે ત્યારે પ્રેમ ઉત્પન્ન થશે. આ મારા-તારા એ ક્યાં સુધી લાગે છે ? કે જ્યાં સુધી બીજાને જુદા ગણીએ છીએ ત્યાં સુધી. પારકાની જોડે ભેદ છે ત્યાં સુધી પોતાના 'મારા' લાગે છે. તે આ એટેચમેન્ટવાળાને મારા ગણીએ છીએ ને ડિટેચમેન્ટવાળાને છે, તે પારકાં ગણીએ છીએ, એ પ્રેમસ્વરૂપ કોઈ સાથે રહે નહીં.

***પ્રશ્નકર્તા :*** તો પ્રેમ ક્યારે ઉત્પન્ન થાય ?

***દાદાશ્રી :*** જે અત્યાર સુધી ભૂલો થઈ હોય, તેની માફી માંગી લઈએ. ત્યારે પ્રેમ ઉત્પન્ન થાય. એમનો દોષ એકુંય નથી થયો પણ મને દેખાયો એટલે મારો દોષ હતો. જેની જોડે પ્રેમસ્વરૂપ થવું હોયને તને આ રીતે કરવું. તો તમને પ્રેમ ઉત્પન્ન થશે.

અમારી આ રીત હોય બધી. અમે જે રીતે તર્યા છીએ એ રીતે તારીએ બધાને. પ્રેમ સ્વરૂપ થઈએ ત્યારે સામાને અભેદતા હોય. બધા અમારી જોડે એ રીતે અભેદ થયેલા છે. આ જગતને સુધારવાનો રસ્તો જ પ્રેમ છે. આ બધાને હું સુધારું છુંને, એ પ્રેમથી સુધારું છું. આ અમે પ્રેમથી જ કહીએ છીએને ! આજે પચાસ હજાર માણસ છે, પણ કોઈપણ માણસ સહેજેય પ્રેમરહિત થયો નહીં હોય. એ પ્રેમથી જીવી રહ્યા છે બધા.




**"જ્યારે જગત નિર્દોષ દેખાશે ત્યારે પ્રેમ ઉત્પન્ન થશે."**




# શુદ્ધપ્રેમ કોને કહેવાય ?

## આ તો



# નવી જ વાત !








જ્ઞાનીનો પ્રેમ
તે જ શુદ્ધ પ્રેમ છે.
કોઈ છોકરો અક્કલ વગરની
વાત કરે કે 'દાદાજી, તમને તો
હું ખાવાય નહીં બોલાવું અને પાણીય નહીં
પાઉં, તોય 'દાદાજી'નો પ્રેમ ઊતરે નહીં અને
એ સારું જમાડ જમાડ કરે તોય 'દાદાજી'નો પ્રેમ ચઢે
નહીં. એને પ્રેમ કહેવાય. એટલે જમાડો તોય પ્રેમ,
ના જમાડો તોય પ્રેમ, ગાળો ભાંડો તોય પ્રેમ
અને ગાળો ના ભાંડો તોય પ્રેમ,
બધે પ્રેમ દેખાય.



# પ્રેમથી પથ્થર પણ પીગળે



"ઈશાન, આવ દીકરા. તું અહીં શા માટે આવ્યો છે, ખબર છે ?" મોટાભાઈએ પ્રેમથી ઈશાનને પૂછ્યું.

"હા, મને બધી ખબર છે. મારા પપ્પા, મમ્મી મને મારી મારીને થાકી ગયા, એટલે હવે તમારી પાસે માર ખાવા મોકલી દીધો છે. પણ હું ડરવાનો નથી. હું જે ઘરે કરતો હતો એ જ અહીં કરવાનો, કરવાનો ને કરવાનો જ." જમીન પર જોરથી પગ પછાડતાં ઈશાને નવીદૃષ્ટિ સંસ્થાના સંસ્થાપક, મોટાભાઈને બેધડક કહી દીધું. ઈશાનની બોલવાની ખુમારી, એનો જુસ્સો, એના દિલની સચ્ચાઈ મોટાભાઈને સ્પર્શી ગયાં.

તેમણે અત્યંત વહાલથી ઈશાનને કહ્યું, "આવ મારા દીકરા, આવ. હું તારા જેવા ખુમારીવાળા અને પરાક્રમી છોકરાની શોધમાં જ હતો."

આ સાંભળી, ઈશાનને ખૂબ નવાઈ લાગી. ડેડી કે મમ્મી આગળ આવી અશિસ્તથી બોલ્યો હોય તો બે ચાર વાક્ય બોલતાંની સાથે જ એકાદ થપ્પડ પડી ગઈ હોય. એણે તો મનોમન લાકડીના પ્રહારો ખમવાની પણ તૈયારી કરી રાખી હતી. તેના બદલે મોટાભાઈના આવા ફૂલ જેવા શબ્દો તેને સાંભળવા મળ્યા ત્યારે તેના નાનકડા હૃદયમાં હલચલ મચી ગઈ.

ઈશાનનો ગુસ્સો થોડો ઠંડો થયો, એટલે મોટા ભાઈએ એને કહ્યું, "ચાલ ઈશાન, આપણે જમી લઈએ. આજે તો તારા ડેડીએ બધાં જ બાળકોને શ્રીખંડ પૂરીનું જમણ આપ્યું છે. તને શ્રીખંડ બહુ ભાવે છેને ?"

'ના, હું શ્રીખંડ નહીં ખાઉં.' ઈશાન ફરી એવા જ કઠોર શબ્દોમાં બોલ્યો.

"અરે, મારો બહાદુર દીકરો, પહેલોવહેલો ઘરે આવ્યો ને જો તે ન ખાય તો હું પણ નહીં ખાઉં. પણ દીકરા, આપણે બંને ભૂખ્યા રહીશું તો ચાલશે, પણ આપણા પેલાં દર્દીઓ ભૂખ્યાં નહીં રહી શકે. બિચારી ખિસકોલીને પાણી પીવું હશે, પેલા પોપટની મરડાઈ ગયેલી ડોકે માલિશ કરવું પડશે. અને નાનકડા સસલાને તો કૂતરાએ મોઢામાં પકડેલું તે બિચારું હજુય ફફડે છે, તેને ઘાસ નાંખવું પડશે. એમાં તું મને મદદ કરીશ ?"

'હેં ! મોટાભાઈ પાસે ખિસકોલી, પોપટ અને સસલા જેવાં પ્રાણીઓ છે !' ઈશાનને ખૂબ નવાઈ લાગી.

મોટાભાઈએ તેને જાતજાતના પ્રાણીઓની વાતો કહેતાં કહેતાં પ્રેમથી શ્રીખંડ ખવડાવી દીધો. બપોરે મોટાભાઈ ઈશાનને બગીચામાં લઈ ગયા અને સંસ્થાના બાળકો સાથે ઓળખાણ કરાવી.

"અરે શુભ, આશિષ, હિતાર્થ, વીરેન, સુરુ - બધા અહીં આવો તો ! જુઓ, આજે આપણાં કુટુંબમાં એક બહાદુર સભ્ય ઉમેરાયો છે, ઈશાન"

સહુની ઓળખાણ કરાવ્યા પછી, મોટાભાઈએ ઈશાનને બગીચાના વૃક્ષ અને છોડવાઓનો પરિચય કરાવ્યો, "ઈશાન, આ છે હિતાર્થની દાડમી. કેવી લાલચટક ફૂલોથી શોભે છે ! અને આ જો વીરેનની ચીકુડી, નાની છે, પણ કેવી ફાલી છે ! અને આ છે શુભની માલતી. હવે અમે આ માલતીનો મંડપ બાંધવાના છીએ, નહીં શુભ ?"

"સારું બાળકો, હવે તમે બધા એક બીજા સાથે વાતચીત કરો. આપણે બધા સાંજે ડ્રોઈંગ ક્લાસમાં મળીએ," એમ કહી મોટાભાઈ ઓરડીમાં આરામ કરવા ગયા.

શુભે, ઈશાનને પોતાની સાથે બેસાડ્યો અને કહ્યું, "ઈશાન, આજે તારો પહેલો દિવસ છે એટલે તને બધું નવું નવું અને જુદું જુદું લાગશે. મને પણ આવું જ લાગ્યું હતું. પણ, મને ખાતરી છે કે તને પણ અમારા બધાની જેમ થોડાક જ દિવસોમાં આ સંસ્થા તારા કુટુંબ જેવી લાગશે."

વીરેન શુભની વાતમાં સહમત થયો. એણે ઈશાનને પૂછ્યું, "ઈશાન, તારે મોટા થઈને શું બનવું છે ?"

ઈશાનનો કંઈ જવાબ ના આવ્યો, એટલે વીરેન બોલ્યો, "તને ખબર છે, મારે શું બનવું છે ? મારે તો મોટાભાઈ જેવા શિક્ષક બનવું છે."

સુરુ બોલી, "મારે ડોક્ટર બનવું છે. પણ મોટાભાઈ જેવી પ્રેમસ્વરૂપ થઈશ."

આ સાંભળી ઈશાનને મનમાં થયું, બધા મોટાભાઈથી કેટલા પ્રભાવિત છે ! અને હોય પણ ખરા જ ને ! આજે મોટાભાઈએ પ્રેમથી એનું દિલ પણ જીતી લીધું હતું. અને આ જ તો મોટાભાઈની ખાસિયત હતી. કોઈપણ બાળકની ભૂલ કાઢ્યા વગર તેઓ પ્રેમથી એ બાળકને વાળવાનો પ્રયત્ન કરતા અને આ પ્રેમના છાંટણાંની અસર બાળકો પર અદ્‌ભુત થયેલી, જેનો પ્રત્યક્ષ દાખલો ઈશાને ડ્રોઈંગ ક્લાસમાં જોયો.

ડ્રોઈંગ ક્લાસમાં બધા બાળકો વોટર કલરથી કેન્વાસ પર પેઈન્ટિંગ કરી રહ્યા હતા. આશિષ એના સુંદર પેઈન્ટિંગ પર ફાઈનલ ટચ આપી રહ્યો હતો. ત્યાં અચાનક વીરેનના ધક્કાથી આશિષના કેન્વાસ પર લાલ રંગ ઢોળાઈ ગયો.

વિરેનને એકદમ આંચકો લાગ્યો. એની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા.

"આઈ એમ સો સોરી આશિષ. મારાથી આ શું થઈ ગયું ?" અત્યંત ખેદ સાથે વીરેન બોલ્યો.

આશિષે ઝડપથી બધો રંગ લૂછી કાઢ્યો અને વીરેનનો હાથ પકડીને કહ્યું, "અરે, આમાં આટલો દુઃખી કેમ થાય છે ? એક જ પેઈન્ટિંગ તો બગડ્યું છે ! આપણા બીજા બધા પેઈન્ટિંગ તો સલામત છેને ? તું જરાય દુઃખ ના લગાડ. ચાલ, હું તને તારા પેઈન્ટિંગમાં મદદ કરું."





આ જોઈ ઈશાનને ખૂબ આશ્ચર્ય થયું, “હું આશિષની જગ્યાએ હોત તો મેં વીરેનને એક લપડાક ચોડી દીધી હોત અને આશિષે તો વીરેન પર સહેજ પણ ગુસ્સો ના કર્યો. આશિષના મનમાં મારું-તારું એવું કશું છે જ નહીં ! બધાને અંદર અંદર કેટલો બધો પ્રેમ છે.”


અને એ પ્રેમની અસર ઈશાન પર પણ થવા લાગી. થોડા જ સમયમાં ઈશાનમાં જબરદસ્ત પરિવર્તન આવી ગયું. ભણવામાં એનો ઉત્સાહ અને રસ વધવા લાગ્યો. એટલું જ નહીં પણ સંસ્થાના બીજા વિદ્યાર્થીઓ સાથે મળીને એ સંસ્થાની ઘણી બધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા લાગ્યો.

વેકેશનમાં જ્યારે ઈશાન ઘરે ગયો ત્યારે મમ્મી ડેડીને પણ એનામાં આવેલા પરિવર્તનને જોઈને ખૂબ આનંદ થયો. અને એમને આ ‘નવા’ ઈશાનને જોઈને નવાઈ પણ ઘણી લાગી. વેકેશન પછી, ડેડી જ્યારે ઈશાનને સંસ્થામાં મૂકવા ગયા ત્યારે તેઓએ મોટાભાઈની મુલાકાત પણ લીધી.

હાથ જોડીને ડેડી બોલ્યા, “મોટાભાઈ, તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.” આશ્ચર્ય સાથે મોટાભાઈએ પૂછ્યું, “શું થયું ?”

ડેડીએ કહ્યું, “છેલ્લા બે વર્ષથી ઈશાન ખૂબ તોફાની થઈ ગયો હતો. ઘરમાં આખો વખત ધમાલ, ઉત્પાત, મારફૂટ ને ભાંગફોડ કરતો અને સ્કૂલમાંથી પણ એવી જ ફરિયાદો આવતી. અમે તો એના તોફાનોથી ત્રાસી ગયા હતા. એટલે જ્યારે તમારી સંસ્થાનું નામ સાંભળ્યું ત્યારે એને અહીંયાં દાખલ કરી દીધો. પણ તમે તો કમાલ કરી દીધી. આ વેકેશનમાં ઈશાનનું એક નવું જ રૂપ જોયું. એ બધા સાથે વિનયપૂર્વક રહ્યો. મમ્મીને કામમાં મદદ કરતો હતો અને વેકેશનમાં સમય વેડફવાને બદલે જાત જાતની પ્રવૃતિઓ અને વાંચન કરતો હતો. આવું અદ્ભૂત કાર્ય તમે કેવી રીતે કર્યું ? ઈશાનને વશ કેવી રીતે કર્યો ?”

આ સાંભળી મોટાભાઈના ચહેરા પર આછું સ્મિત ફરક્યું. આંખો પરથી ચશ્માં કાઢી ટેબલ પર મૂક્યા અને પછી કહ્યું, “સાહેબ, ઘણા વર્ષો પહેલાનો એક પ્રસંગ છે. મારા દિલમાં હજી પણ એ પ્રસંગ તાજો જ છે. એ વખતે મારી ઉંમર લગભગ બારેક વર્ષની હશે. એ દિવસે અમારા ઘરમાં એક તહેવાર જેવી ખુશાલી હતી. મારી મોટી બહેને એની ઘણી બધી બહેનપણીઓને ઘરે આમંત્રણ આપ્યું હતું. આ ઉજવણીનું



કારણ હતું કે એ દિવસે અમારા ઘરે પહેલવહેલું ટી.વી. આવવાનું હતું. પૈસાની એટલી બધી સગવડ ન હોવા છતાંય મોટી બહેન અને બા-બાપુજીએ મારી ખુશી ખાતર ટી.વી. ખરીદવાનું નક્કી કર્યું હતું. ટી.વી. આવ્યું અને એક ટેબલ પર ગોઠવાયું. બધા ખૂબ જ ઉત્સાહમાં હતા.

બાએ બાપુજીને ટી.વી. ચાલુ કરવા કહ્યું. બાપુજીને નહીં ફાવે એમ વિચારી જરાય ધીરજ રાખ્યા વગર હું ટી.વી. પાસે દોડ્યો. અને મારાથી ટી.વી.ને ધક્કો વાગી ગયો. ટી.વી.નો કાચ તૂટ્યો અને મારા દિલમાં ધ્રાસકો પડ્યો.

''આ શું કર્યું તેં મૂરખ!'' મોટી બહેને જોરથી રાડ પાડી, ''કંઈ ભાન પડે છે તને?''

મોટી બહેનને ચૂપ કરતા બા બોલ્યા, 'દીકરી, આવા શબ્દો બોલાય? મને તો એમ કે તું તારા ભાઈને પ્રેમ કરે છે.''


''પણ બા, આવી ભૂલ કરે એને પ્રેમ કેવી રીતે કરાય? આપણા બધાના ઉત્સાહ પર પાણી ફેરવી નાખ્યું એણે તો!'' બહેને અકળાઈને જવાબ આપ્યો.

''કોઈ ભૂલ કરે અને પ્રેમ ઓછો થઈ જાય તો એને પ્રેમ જ ના કહેવાય. ભૂલચૂક તો બધાની થાય. ના થાય? અત્યારે ભાઈને શું એની ભૂલનો પસ્તાવો નહીં થતો હોય? ટી.વી. તૂટવાનું દુઃખ એને નહીં હોય? આવા વખતે એનું દિલ વધારે તોડવાને બદલે એને પ્રેમથી તેં પૂછ્યું હોત કે ભાઈ તને વાગ્યું તો નથી ને? તો એને કેટલું સારું લાગ્યું હોત.''

અને ફરી ચશ્મા ચડાવતા મોટાભાઈ બોલ્યા, ''અને બાના એ પ્રેમભર્યા શબ્દોએ મને જીતી લીધો. જો એ વખતે બા મને વઢ્યા હોત તો કદાચ હું સામો થઈ ગયો હોત. મારો પસ્તાવો પણ ચાલ્યો ગયો હોત. પણ બાએ મને પ્રેમથી જીત્યો. બાની એ વાત મારા નાનકડા હૃદયમાં કોતરાઈ ગઈ. અને આજે હું પણ બાની જેમ મારા વિદ્યાર્થીઓના દોષ જોવાને બદલે એમને પ્રેમથી જીતું છું અને એવી ભાવના રાખું છું કે મારા વિદ્યાર્થીઓ પણ એકબીજા સાથે પ્રેમથી રહે અને પ્રેમનું જ હથિયાર વાપરી જગતને જીતે.''


મોટાભાઈની વાત ઈશાનના ડેડીને સ્પર્શી ગઈ. ગદ્ગદ્ થઈને એ બોલ્યા, ''ખરેખર, અનોખી છે તમારી રીત. મને વિશ્વાસ છે કે ઈશાન તમારા માર્ગદર્શન હેઠળ જરૂર ખીલી ઊઠશે. હવે એ મારો નહીં પણ તમારો સાચો દીકરો છે. તમારી રીતે એને ઘડજો. હું ઠંડા કલેજે પાછો જાઉં છું!

આમ કહી ઈશાનના ડેડીએ મોટાભાઈ સાથે હાથ મિલાવ્યો અને ઘરે જવા રવાના થયા.



# પ્રેમ ત્યાં ભેદ નહીં


વૃંદનગરના મંદિરમાં બાળકોની પાઠશાળા શરુ થવાની થોડી વાર હતી. બાળકો અંદર અંદર ગપસપ કરી રહ્યા હતા.
આજે તો કૃષનગરની હોકી ટીમને હરાવી દીધી !! યા....હૂ!!
કૃષનગર સામે આપણી આ સતત બીજી જીત છે. કૃષનગરને હરાવવાની મજા જ કંઈક ઓર છે !
વર્ષો પહેલાં કોઈક મતભેદના કારણે કૃષનગરના ભાગલા પડી ગયા હતા અને તેથી વૃંદનગર રચાયેલું. વર્ષોથી આ બે નગરો વચ્ચે સ્પર્ધા અને ચડસાચડસી ચાલ્યા જ કરતી.
બાળકોની વાતચીત ચાલતી હતી, ત્યાં તો પાઠક સાહેબ આવ્યા....
નમસ્તે સર !
નમસ્તે બાળકો ! આજે તો બધા બહુ ખુશ દેખાય છેને ! આજના સેશન માટે બધા તૈયાર ?
હા!!!!!!!


તો ચાલો, શરુઆત એક વાર્તાથી કરીએ. આ વાર્તા છે પાંચ સાધુઓની. પ્રેમપુરી નામના ગામમાં એક સુંદર આશ્રમ હતો. આશ્રમમાં પાંચ સાધુઓ રહેતા હતાં.
સાધુઓ વચ્ચે સંપ હતો. પણ સમય જતાં, એ સંપ તૂટવા લાગ્યો અને સાધુઓ વચ્ચે સ્પર્ધા અને મારી - તારી થવા લાગી.
ભૂપત, તમે મારું વાસણ કેમ વાપર્યું ?
મેં તો ફક્ત તમારું વાસણ વાપર્યું, તમે તો કેટલા બધા દિવસથી મારો કામળો, મારા પુસ્તકો બધું જ વાપરો છો ! તેનું શું ?
અને આમ, જુદાઈના કારણે આશ્રમનું સુંદર વાતાવરણ ડોહોળાઈ ગયું. એક દિવસ,
ભાઈઓ, આપ સહુ જાણો છો. થોડાક સમયથી નાની - મોટી બાબતોમાં મતભેદ થવાને કારણે આપણા આશ્રમનું વાતાવરણ સાવ બગડી ગયું છે. તેથી આજે હું આપણા પ્રમુખ, ભાર્ગવ મહારાજ પાસે આમાંથી નીકળવા માટેનું માર્ગદર્શન લેવા જાઉં છું.
અવધેશ મહારાજ જ્યારે પાછા ફર્યા ત્યારે,
શું સૂચન કર્યું ભાર્ગવ મહારાજે ?
એમણે આપણી પરિસ્થિતિ પર અત્યંત ખેદ વ્યક્ત કર્યો અને કહ્યું કે એમની પાસે કોઈ ઉપાય નથી. ફક્ત એટલો સંદેશો આપ્યો કે આપણામાંથી એક સાધુ ભગવાનનો દૂત છે પણ કોણ છે એવું કહેવાનો ઈનકાર કર્યો.



ખરેખર ??
બધા સાધુઓ તો તર્ક - વિતર્ક કરવા લાગ્યા કે 'એ' કોણ હશે ? પણ કોઈ નિર્ણય ના આવતા, સૌ કોઈ એકબીજાને ''ભગવાનનો દૂત'' ગણીને રહેવા લાગ્યા.
અને તે દિવસથી જ્યારે કોઈપણ સાધુને બીજા સાધુ સાથે ભેદ પડે ત્યારે મનોમન જ તેઓ એકબીજાને એમ વિચારીને માફ કરી દે કે એ ભગવાનનો દૂત હશે તો ? મારાથી ભગવાનના દૂતની ભૂલ કેમ કઢાય ?
અને આમ આશ્રમમાં મારું - તારું એવી જુદાઈ નીકળી ગઈ અને બધા એકબીજા સાથે પ્રેમથી રહેવા લાગ્યા.
કેવો સરસ ઉપાય કર્યો, ભાર્ગવ મહારાજે ! સૌ બધામાં ભગવાનના દૂતના દર્શન કરે તો જુદાઈ રહે જ ક્યાંથી ?
સાચી વાત છે ! તો ચાલો, આજે આપણે પણ નક્કી કરીએ કે મારું - તારું કર્યા વગર બધા સાથે પ્રેમથી રહીશું.
અને હવે પ્રોજેક્ટની વાત. ગયા અઠવાડિઆનો પેન્ડીંગ પ્રોજેક્ટ સૌને યાદ છેને ? આવતા અઠવાડિએ સૌએ ગ્રુપમાં સેવા - પરોપકારનો પ્રેક્ટિકલ દાખલો રજૂ કરવાનો રહેશે.
બીજા અઠવાડિએ,
ગઈ કાલે અમે કૃષનગરના મંદિરે ગયા હતા. ત્યાં મુખિયાજી પાસે જાણવા મળ્યું કે કૃષનગરમાં એક ઘરડા બા છે, જેમને સેવાની જરૂર છે.




# પ્રેમ એટલે શું ?

૫ વર્ષનો ભાઈ તેની ૭ વર્ષની બહેનને પૂછે છે,
"બેન બેન પ્રેમ એટલે શું?"
બહેન - "તું દરરોજ મારા દફતરમાંથી ચોકલેટ લઈને ખાઈ જાય છે...... મને ખબર છે છતાં હું રોજ ત્યાં જ ચોકલેટ રાખું છું..... એ પ્રેમ છે."

# મીઠી યાદેં

## 'આખા જગતના મધર - પ્રેમસ્વરૂપ નીરુમા'

૧૯૮૭માં દાદાશ્રીએ નીરુમાને કહ્યું, "નીરુબેન, તમારે આખા જગતના મધર બનવાનું છે." નીરુમાએ દાદાની આ વાત સિદ્ધ કરી બતાવી. તેઓ ખરેખર એક અજોડ વાત્સલ્યમૂર્તિ સમાન જ હતા.

સીમંધર સીટીની વાત છે. એક વાર એક બ્રહ્મચારી ભાઈને દાંતનો ખૂબ દુઃખાવો ઉપડ્યો. રૂટકેનાલ કરાવવું પડ્યું. એ કરતાં કરતાં પેઢામાં દાંતની ઝીણી કણી રહી ગઈ, નીકળે જ નહીં. ડોક્ટરો ખોતરી ખાતરીને કાઢતા હતા. લોકલ એનેસ્થેશિયા આપ્યું હતું પણ નસને અડે એટલે પેલા ભાઈનું આખું શરીર ઝટકા મારતું. અસહ્ય દુઃખાવો થતો હતો. કણી એવી રીતે ફસાઈ ગઈ હતી કે નીકળે જ નહીં. આમ કરતા રાતના બાર વાગ્યા. સાંજે સાત વાગ્યાથી શરુ કર્યું હતું. આમ પાંચ કલાકથી ડોક્ટરો મહેનત કરી રહ્યા હતા.

ભાઈ હજુ પાછો ન ફરતા નીરૂમાએ ફોન કર્યો. અત્યાર સુધી પેલા ભાઈને દુઃખતું હોવા છતાં જ્ઞાન ગોઠવવાની ટ્રાય કરતા હતા અને ચૂપચાપ બેઠા હતા. પણ જેવો નીરૂમાનો ફોન આવ્યો અને ફોન પર એમનો અવાજ સાંભળ્યો કે તરત એ રડવા લાગ્યા. તેઓ જે જુદું રાખવાનો પ્રયત્ન કરતા હતા એ બંધ થઈ ગયું અને તેઓ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. ફોન ડોક્ટરને પાછો આપતા કહ્યું, "મારાથી નીરુમા સાથે વાત નહીં થાય."

પૂછપરછ કરતાં ડોક્ટરોએ નીરુમાને જણાવ્યું કે, "પેઢામાં કણી ભરાઈ ગઈ છે એ નીકળતી નથી એટલા માટે વાર થાય છે."



નીરૂમાએ પૂછ્યું, ''હું આવું ?''

ભાઈએ 'ના' પાડી દીધી કે, 'એમનો અવાજ સાંભળીને મારી આ હાલત થાય છે તો તેઓ આવશે તો મારી શું હાલત થશે ?'

એટલે નીરુમાએ ડોક્ટરોને કહ્યું, ''વાંધો નહીં, તમે કરો, હું વિધિ કરું છું.''

અંતે રાતના એક વાગે કણી નીકળી. ટાંકા લીધા એમાં દોઢ પોણા બે જેવું થઈ ગયું.

પેલા ભાઈને એમ થાય કે બસ, મારે હવે નીરૂમા પાસે જઈને, ખોળામાં માથું મૂકીને રડી લેવું છે. એટલે મારું બધું પેઈન (દુઃખાવો) પૂરું થઈ જશે.

પૂરું થતાં જ તેઓ સીધા નીરુમા પાસે ગયા. દીપકભાઈએ દરવાજો ખોલ્યો.

''નીરુમા ક્યાં છે ?'' એમણે સીધું જ પૂછ્યું.

''ઉપર, એમના બેડરુમમાં.'' દીપકભાઈએ કહ્યું.

ભાઈ સીધા દોડીને ઉપર ગયા. નીરુમા પલંગ પર બેઠા હતા. એમના ખોળામાં માથું મૂકીને દસ-પંદર મિનિટ એકધારું રડ્યા. કલાકોથી રોકી રાખેલું એક સાથે કાઢ્યું, ખૂબ રડ્યા. નીરુમા એમને થાબડતા રહ્યા. જેવું એમણે માથું ઉંચક્યું તો નીરુમાના કપડા આખા લોહીથી ભરાઈ ગયા હતા.

''નીરુમા, લોહી !'' પેલા ભાઈને ખૂબ ક્ષોભ થયો.

''કશો વાંધો નહીં , હજુ તને દુઃખે છે ?''

''હા, બહુ જ દુઃખે છે''

રાતના બે વાગ્યા હતા. નીરુમાએ તરત જ દીપકભાઈને કહ્યું, ''અમેરિકા ફોન કર. ત્યાં અત્યારે સવાર હોય. ત્યાંના આપણા ડોક્ટર મહાત્માને ફોન કરીને એમની પાસેથી પેઈનકીલર દવાનું નામ લે. એ લોકો પેઈનલેસ સર્જરી કરતા હોય છે એટલે એમને એની જાણ હોય.''

દીપકભાઈએ તરત ફોન કરી દવાનું નામ જાણ્યું અને ઘરમાંથી એ દવા શોધી કાઢી. ભાઈને દવા આપી.

નીરુમાએ ભાઈનો પલંગ પોતાના રૂમમાં શીફ્ટ કરાવ્યો. લોહી ને બધું સાફ કરી એમને ત્યાં જ સુવાડ્યા, ''તું આજે અહીંયા સૂઈ જા. કયાંય નથી જવાનું.''

એ પછી નીરૂમા માથે હાથ ફેરવે અને દિપકભાઈ પગને પંપાળે, તળિયે હાથ ફેરવે. એમને તરત ઊંઘ આવી ગઈ. પાંચેક કલાક પછી સવારે આઠેક વાગે તેઓ ઉઠ્યા ત્યારે જોયું તો નીરુમા અને દીપકભાઈ ત્યાં જ, એ જ પોઝિશનમાં બેઠા હતા. નીરુમા માથે હાથ ફેરવતા હતા અને દીપકભાઈ પગે હાથ ફેરવતા હતા. ભાઈ વિચારતા જ રહી ગયા કે, આ લોકો સુતા જ નથી !

પછીનાં પાંચ દિવસ નીરુમા પોતે એમના માટે ભરપૂર ઘી નાખી ખીચડી બનાવે અને એમાં હેન્ડ મીક્ષર ફેરવી એનું લીક્વીડ ફોર્મ બનાવી દે અને પછી ખવડાવે. આમ પાંચ દિવસ સવાર, બપોર, સાંજ ત્રણે વખત એ જ ખાવાનું. એમ કરતા કરતા રુઝ આવ્યું ને બધું સરખું થયું. ત્યાં સુધી નીરુમા એમની બધી ટેક કેર કરતા.

**પ્રેમસ્વરુપ જ્ઞાની...**

**કયા શબ્દોમાં એમનું વર્ણન કરવું...**

**ધન્ય છે સૌ મહાત્માઓને, જેમને જ્ઞાનીના પ્રેમને અનુભવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે !**

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

સંત એકનાથનો જન્મ સંવત ૧૫૯૦માં, મહારાષ્ટ્રમાં પૈઠણના એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એકનાથે ઘણા વર્ષો સુધી પોતાના ગુરુની સેવા કરેલી અને ગુરુકૃપાને પાત્ર થયેલા. પોતાની ગુરુભક્તિનું વર્ણન કરતા તેઓ કહેતા, ''હું ગુરુસેવામાં એવો તલ્લીન થઈ જતો કે ભૂખ - તરસનેય ભૂલી જતો.'' આવી ગુરુભક્તિ હોય પછી જ્ઞાન કેમ ન આવે?

એકનાથના ઘરે રોજ કથા - કીર્તન ચાલતાં. તેઓ કહેતા, ''કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. બધા પરમાત્મા સ્વરૂપ છે.'' રાણો હરિજન રોજ એમનું કથન સાંભળતો. રાણાને એકનાથ પ્રત્યે પરમ ભક્તિ હતી. એક દિવસ પોતાની ભક્તિ વ્યક્ત કરવા એણે એકનાથ મહારાજને કહ્યું, ''ઘરે જમવા પધારો અને અમારો ગરીબવાસ પાવન કરો!''

એકનાથે તરત જ રાણા હરિજનનું નિમંત્રણ સ્વીકારતા કહ્યું, ''કાલે જ આવીશું!''

બીજા દિવસે એકનાથ, રાણા હરિજનના ઘરે ગયા. હરિજને આંગણું લીંપીને તૈયાર કર્યું હતું. તેમાં રંગોળી પૂરી પાટલા ઢાળ્યા હતા. તુલસી ક્યારે દીવો કર્યો હતો અને ધૂપથી વાતાવરણ મધમધતું હતું! હરિજન દંપતીએ એકનાથની પૂજા કરી આનંદથી એમને ભોજન કરાવ્યું.

આખા ગામમાં આ વાત ફેલાઈ ગઈ. બ્રાહ્મણો એકનાથને 'ભ્રષ્ટ ચંડાળ' કહેવા લાગ્યા. પણ એકનાથને પોતાના નિંદકો પ્રત્યે બિલકુલ દ્વેષ ના થયો. પોતાની નિંદા સાંભળી તેઓએ કહ્યું, મારી નિંદા કરનારાઓ મારાં પાપ ધુએ છે. તેઓ મારા ગુરુ છે અને હું તેમને પ્રણામ કરું છું.'' નિંદાથી ડરીને તેઓએ પોતાના સિદ્ધાંતને ક્યારેય ના છોડ્યો અને પોતાની માન્યતામાં અડગ રહ્યા.

ઉનાળાના દિવસો હતા. એકનાથ કેટલાંક સંતો સાથે કાશીથી કાવડમાં ગંગાજળ લઈ રામેશ્વર જતા હતા. ગંગાજળ ભગવાન રામેશ્વરને ચડાવવાનું હતું. રસ્તે જતાં, એકનાથે એક ગધેડાને પાણી વિના ભોંય પર તરફડતો જોયો. એકનાથને



દયા આવી. એમણે ખભેથી કાવડ ઉતારી બધું ગંગાજળ મરતા ગધેડાને પાઈ દીધું! ગધેડો બચી ગયો.

એકનાથના સાથીઓએ કહ્યું, "આ શું કર્યું ? ભગવાનનું ગંગાજળ ગધેડાને પાઈ દીધું ? હવે રામેશ્વરને શું ચડાવશો ?

એકનાથે કહ્યું, "ગંગાજળ મેં રામેશ્વરને જ ચડાવ્યું છે. ગધેડામાં પણ એ જ રામેશ્વર છે."

આવું કાર્ય કરવાથી ફરી એમની નિંદા થઈ. પણ એમણે ક્યારેય એમના નિંદકના દોષ ના જોયા.

એકનાથ અત્યંત શાંત સ્વભાવી હતા. તેઓ ક્યારેય કોઈના પર ગુસ્સે થતા નહીં. એકનાથના નિંદકોએ એક ગરીબ બ્રાહ્મણને ઉશ્કેર્યો, "તું એકનાથને ગુસ્સે કરે, તો અમે તને બસો રૂપિયા ઈનામ આપીશું!"

બ્રાહ્મણ એકનાથના ઘરે ગયો. તે વખતે એકનાથ પૂજા કરવા બેઠા હતા. જોડા કાઢ્યા વગર બ્રાહ્મણ પૂજાઘરમાં ઘૂસી ગયો ને ધબ દઈને એકનાથના ખોળામાં બેસી ગયો. સહેજ પણ ગુસ્સે થયા વગર એકનાથે કહ્યું, "આપનો આ સ્નેહભાવ જોઈને મને બહુ આનંદ થયો."

બ્રાહ્મણ ભોંઠો પડી ગયો. પણ તેને બસો રૂપિયાનો લોભ હતો. તેથી તેણે કહ્યું, "મને ભૂખ લાગી છે."


એકનાથ બ્રાહ્મણને લઈને જમવા બેઠાં. એકનાથના પત્ની ગિરિજાબાઈ પીરસવા નમ્યાં, ત્યાં બ્રાહ્મણ કૂદીને એમની પીઠ પર સવાર થઈ ગયો. તોયે એકનાથ ગુસ્સે થયા નહીં. તેમણે ગિરિજાબાઈને કહ્યું, "સાચવજો, બ્રાહ્મણ પડી ન જાય!"

ગિરિજાબાઈએ કહ્યું, "પુત્રને આમ પીઠે વળગાડી ફરવાની મને ટેવ છે, એટલે ચિંતા ન કરો!" કાપો તો લોહી ન નીકળે એવી બ્રાહ્મણની દશા થઈ. એકનાથ અને ગિરિજાબાઈના પગમાં પડી તેણે એમની માફી માંગી. આંખોમાં આંસુ સાથે એ બોલ્યો, "બસો રૂપિયાના લોભે તમને ગુસ્સે કરવા મેં આ પાપ કર્યું છે."

એ સાંભળી એકનાથ હસતાં હસતાં બોલ્યા, "તો પહેલેથી એવું કહેવું હતું ને, હું ગુસ્સે થઈ જાત."

એવી જ રીતે, એકનાથને ક્રોધિત કરવા માટે એક મુસલમાન ભાઈ પણ નિષ્ફળ ગયેલા. એકનાથ રોજ નદીએ નહાવા જતાં. રસ્તામાં એનું ઘર આવતું. એકનાથ નહાઈને ઘેર જતા હોય, ત્યારે ઘણીવાર એ ભાઈ એમના પર થૂંકતો. આવું બને ત્યારે એકનાથ ફરી નહાવા જાય. નહાઈને બહાર આવે એટલે ફરી એ એમના પર થૂંકે. ઘણીવાર તો એકનાથને આવી રીતે ચાર - પાંચ વાર નહાવું પડતું, પણ એ કદી ગુસ્સે થતા નહીં.

એક દિવસ એ ભાઈ હઠે ચડ્યો. બે પાંચ વખત નહીં પણ એકસો ને આઠ વાર એ એકનાથ ઉપર થૂંક્યો. તોય એકનાથના મનની શાંતિ તૂટી નહીં. એ ભાઈ પર તેમણે કાયાથી કે વાણીથી કોઈ જાતનો પ્રતિકાર ના કર્યો. છેવટે એ શરમાયો. એણે એકનાથના પગમાં પડી એમની માફી માંગી.



પોતાના જીવનમાં બનેલા આવા ઘણા પ્રસંગો દ્વારા એકનાથે જીવમાત્ર પ્રત્યે સમતા અને દયાભાવ દર્શાવ્યા. જગત સામે એકનાથનું જીવન જ એક દાખલા સમાન બની રહ્યું. સંવત ૧૬૫૬ ચૈત્ર વદ છઠના દિવસે તેઓએ લોકોને અંતિમ સંદેશ કહ્યો, "હવે હું જાઉં છું. ભાગવત ધર્મનું પાલન કરજો, હળીમળીને રહેજો, ને મનુષ્યજન્મ સાર્થક કરજો!" અને પછી દેહ ત્યાગ કર્યો.

# તમારી જાતને ચકાસી જુઓ

## ''અધૂરી વાર્તા પૂરી કરો.''

જન્માષ્ટમીનો ઉત્સવ હતો. ટોપુને આ વખતે મટકી ફોડવાની તક મળી. આમ તો, ઠેઠ ઉપર ચડવાનું એ જોખમવાળું કામ હતું. પણ ટોપુ બિચારો શું કરે ? એને પૈસા જોઈતા હતા. ઘરની સ્થિતિ ખૂબ સામાન્ય હોવાથી, એને મમ્મીને મદદ કરવાનું મન થયું અને એણે આ તક સ્વીકારી લીધી. એ તો ઉપર ચડ્યો ને માટલી ફોડી !! ધડ ધડ ધડ ધડ માટલી પડી નીચે.... ! પછી ટોપુ પૈસા લેવા ગયો. ગામવાળાઓએ બીજા છોકરાઓ કરતાં ટોપુ ને ઓછા પૈસા આપ્યા એટલે ટોપુનું મગજ ફાટ્યું. એ મોટેથી બધા જોડે ઝઘડવા માંડ્યો ને સામો થયો. આ સંભળી એની મમ્મી ત્યાં દોડી આવી ને એને ઘરમાં લઈ ગઈ.

''મમ્મી, પેલા લોકો તો કેટલા નાલાયક છે. મારી કમાણીના પૈસા લઈ લીધા અને મને ના આપ્યા ! બીજાને આપ્યા અને હું ગરીબ છું એટલે મને ના આપ્યા. કેવો ભેદ રાખે છે !! એક દિવસ હું એમના મોઢાં પર પૈસા મારીશ. તું મને ઘરે કેમ ખેંચી લાવી ? એક એકના જડબા તોડી નાખવાનો હતો. આ તો કંઈ ન્યાય કહેવાય ?

મમ્મીએ પ્રેમથી ટોપુના માથામાં હાથ ફેરવ્યો અને કહ્યું, 'ટોપુ, જડબા તોડી નાખવાથી તને પૈસા મળી જાત, બેટા !!?

આ એક જ સવાલથી ટોપુંની આંખ ઉઘડી. થોડું વિચારીને કહ્યું, ''પૈસા તો ના મળત પણ મમ્મી બીજો કોઈ ઉપાય પણ તો નથી, આવા લોકોને સીધા કરવાનો, એમને જીતવાનો ?''

''છે જ ને બેટા ?!! જો ..... તું કેટલો ગુસ્સામાં હતો ? પણ હું તને વઢી નહીં. તને મેં જરાય દોષિત જોયો નહીં, તો તું કેવો તરત ઠંડો થઈ ગયો ? જો ને, મેં પ્રેમથી જ જીત્યો ને તને ? અરે આ તો પૈસા માટે હતું. પણ કાલે સવારે તું કોઈ મોટામાં મોટું નુકસાન કરે તો પણ હું તને દોષિત ના જોઉં. ગામવાળા લોકો તારી સાથે ભેદ રાખે એ તને નથી ગમતું ને ? એ ભેદથી તારું મન બગડે છે ને ? એટલે એમને ફક્ત પ્રેમથી જ જીતાય ! ગમી તને આ વાત ?''

''હા, મમ્મી.''

મમ્મી બોલી, ''એમ ? તો મને એટલું લખીને આપ કે આ પ્રસંગમાં તેં શું ભૂલ કરી અને ફરી વાર આવો પ્રસંગ બને તો તું સહુને પ્રેમથી કેવી રીતે જીતીશ ?''

## બાળકો, ટોપુની જગ્યાએ તમે હોત તો તમે શું લખત ?

**૧.** મારી ભૂલો :------------------------------------------------

------------------------------------------------

**૨.** સાચી સમજણ: ------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

**તમારી જાતને ચકાસી જુઓના** જવાબ (સજેશન) - કોઈ સાચો ખોટો જવાબ નથી - આ અંકમાંથી તમે મેળવેલી સમજણ જ લખવાની છે.

પ્રેમ સ્વરૂપ થવા માટેનાં પગલા :

**૧.** મારી ભૂલો : ક્રોધ કર્યો, તોફાન કર્યું, અપશબ્દ બોલ્યા. ગામવાળાને દોષિત જોયા. ધમકી આપીને ભેદ પાડ્યો. લોકોને દોષિત જોયા અને એમની સાથે ભેદ પાડ્યો એ મારી ભૂલ છે.

**૨.** સાચી સમજણ : બીજા ને વધારે પૈસા મળ્યા એમાં મને પણ ખુશી છે. આ ભૂલ થઈ તેના માટે ગામવાળા પાસે માફી માંગી લઈશ. અને હવે નિશ્ચય કરું છું કે કોઈની સાથે ભેદ નહિ પાડું અને કોઈની ભૂલો નહિ કાઢું. આ માટે, હે પ્રભુ મને શક્તિ આપો - એવી શક્તિ માંગીશ.

# સમર કેમ્પ – બાળકો માટે સંસ્કાર સિંચન શિબિર – વર્ષ ૨૦૧૪

| | ગ્રુપ ઈ – છોકરા – છોકરીઓ માટે | | |
|---|---|---|---|
| સ્થળ | ૮ થી ૧૦ વર્ષ | ૧૧ થી ૧૨ વર્ષ | ફોન નંબર |
| બેંગ્લોર | ૧૦ થી ૨૦ એપ્રિલ વચ્ચે | | |
| સીમંધર સીટી | ૨૦, ૨૧ એપ્રિલ | ૨૨, ૨૩ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| ભુજ | ૨૬, ૨૭ એપ્રિલ | ૨૮, ૨૯ એપ્રિલ | ૯૯૦૯૫૬૫૬૭૯ |
| ભાવનગર | ૨૮, ૨૯ એપ્રિલ | ૨૮, ૨૯ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૦૯૦ |
| બરોડા | ૨૬, ૨૭ એપ્રિલ | ૨૬, ૨૭ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ |
| ગાંધીધામ | ૧ મે | ૧ મે | ૯૬૮૭૭૦૪૬૬૫ |
| મોરબી | ૧૩ મે | ૧૩ મે | ૯૯૨૫૦૨૬૮૩૪ |
| રાજકોટ | ૧૪, ૧૫ મે | ૧૬, ૧૭ મે | ૮૮૬૬૮૮૮૮૩૭ |
| સુરત | ૧૫, ૧૬ મે | ૧૫, ૧૬ મે | ૯૭૨૫૮૩૨૭૦૪ |
| જામનગર | ૧૯ મે | ૧૯ મે | ૯૮૭૯૫૫૧૫૧૮ |
| મુંબઈ સેન્ટ્રલ | ૨૪, ૨૫ મે | ૨૪, ૨૫ મે | ૦૯૩૨૦૨૫૫૨૬૬ |
| મુંબઈ વેસ્ટર્ન | ૨૪, ૨૫ મે | ૨૪, ૨૫ મે | ૦૮૬૫૨૮૯૦૦૬૬ |
| ગોધરા | ૭ મે | ૭ મે | ૯૯૨૪૨૬૪૩૯૭ |
| ભરૂચ | ૬ મે | ૬ મે | ૯૪૨૮૫૮૬૭૦૧ |

નોંધ :

૧) સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨) રજીસ્ટ્રેશન માટે બાળકની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડી તારીખો નક્કી થઈ છે તે મુજબ જે-તે સમર કેમ્પના ૧૦ દિવસ અગાઉ બંધ કરવામાં આવશે, ત્યારબાદ થનાર રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩) સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના "સ્ટોર ઓફ હેપ્પીનેસ" માં સવારે ૯.૩૦ થી ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે કેમ્પના ૧૦ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે. (રજીસ્ટ્રેશન ૧૦ માર્ચથી શરૂ થશે.)


*'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)*

*૧. પ્રકાશનનું સ્થળ : સીમંધર સીટી, અડાલજ –૩૮૨૪૨૧, જી–ગાંધીનગર*

*૨. પ્રકાશનનો સમય : માસિક*

*૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,*

*સરનામું : પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, નવી આરબીઆઈ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ–૧૪*

*૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,*

*સરનામું : સીમંધર સીટી, અડાલજ –૩૮૨૪૨૧, જી–ગાંધીનગર*

*૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.*

*૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.*

*હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.*

*તા. ૮–૩–૨૦૧૪, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)*

Akram Express

March 2014
Year : 6, Issue : 7
Conti. Issue No.: 67

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# GNC Day

## અમદાવાદ















માર્ચ ૨૦૧૪



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સુચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.